કોર્પોરેશનના વાંકે હરિયાળા વૃક્ષો સામે પણ ખતરો ફેન્સીંગ તુટતા આક્રોશ

ગ માર્ગની કામગીરી દરમિયાન કોર્પોરેશન ફેન્સીંગને પણ નુકશાન પહોંચાડતા સ્થાનિકોમાં આક્રોશ : કોર્પોરેશનની હરકતથી આમ નાગરિકોની સાથે હવે હરિયાળી સામે પણ ખતરો

ગાંધીનગર તા ૨૫

શહેરમાં અત્યાર સુધી આડેધડ ખોદકામ કરીને જાહેર માર્ગો પર જોખમી સ્થિતિ નિર્માણ કર્યા બાદ હવે કોર્પોરેશનની કાર્યપધ્ધતિ હરિયાળી માટે પણ ખતરારૂપ બની છે. નગરના ગ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી અન્વયે વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગ પણ તોડવામાં આવી રહી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. એક સાંધે ત્યાં તેર તુટે તેવી કોર્પોરેશનની કામગીરી સામે સેકટરવાસીઓમાં પણ આગ બબુલા બન્યા છે.

શહેરમાં હાલ ગ માર્ગને સિકસલેન કરવા માટે કામગીરી હાથ ધરાઈ છે. જયારે છેલ્લા ઘણાં સમયથી કોર્પોરેશન વિવિધ પ્રોજેકટના કામને અનુલક્ષી કામે લાગ્યુ છે. જેમાં સ્ટોર્મ વોટર લાઈનના તોતિંગ ભુંગળા નાંખવા માટે હાથ ધરાયેલા ખોદકામના લીધે નાગરિકો તોબા પોકારી ગયા છે. શહેરીજનોને વરસાદી પાણીના નિકાલની સુવિધા મળશે ત્યારે પરંતુ હાલ સેકટરવાસીઓ દુવિધાઓથી ત્રસ્ત છે. સેકટરોમાં ઠેર ઠેર ભયજનક ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે જયારે આમ નાગરિકોને પડતી હાલાકીનો કોર્પોરેશનના તંત્રએ જરા પણ વિચાર કર્યા વગર મનસ્વી રીતે જ કામ કરવાનુ નક્કી કર્યુ છે. બીજીતરફ હાલ ગ માર્ગની કામગીરી પણ ચાલી રહી છે ત્યારે હરિયાળા વૃક્ષોના અસ્તિત્વ સામે પણ પ્રશ્ન મંડરાયો છે. ત્યારે હરિયાળા વૃક્ષોનુ રક્ષણ અને જતન કરતા વન આરક્ષિત વિસ્તારની ફેન્સીંગ પણ તુટી રહી હોવાનો આક્રોશ પ્રવર્તયો છે. કોર્પોરેશન વિવિધ કામો સંદર્ભે એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ ઉભી કરતુ હોવાનો આક્રોશ સ્થાનિક નાગરિકોમાં પ્રબળ બન્યો છે. એકબાજુ નગર હરિયાળીની દ્રષ્ટીએ હાંસિયામાં ધકેલાઈ રહ્યુ છે ત્યારે હરિયાળા વૃક્ષો સામે પણ ખતરો મંડરાયો છે.

વિકાસના કામોને અનલક્ષી શહેરમાં હરિયાળીનો વારંવાર સોથ વળે છે. પરંતુ ફુટપાથના બ્લોક તોડીને માર્ગ વચાળે ઢગ કરી દેવાની સાથે વન આરક્ષિત વિસ્તારની ફેન્સીંગને નુકશાન કરવાની હરકત પણ કોર્પોરેશનના તંત્ર માટે હવે મોટી વાત રહી નથી. બિન્દાસ્ત અને બેફામ કાર્યપધ્ધતિ અપનાવી આમ નાગરિકોની સુખાકારીને ઠેસ પહોંચાડતા કોર્પોરેશનના તંત્ર સામે હવે સ્થાનિકો લડત આપવાના મુડમાં છે. સેકટરોમાં મનસ્વી રીતે

ખોદકામ સાથે ફુટપાથના બ્લોક પણ રાહદારીઓ માટે આડશ બની અકસ્માતનુ કારણ બને તેવી સ્થિતિમાં મુકી દેવાય છે. આ ઉપરાંત હરિયાળા વૃક્ષોના જતન અને માવજત માટે નિર્માણ કરાયેલી ફેન્સીંગ પણ તુટી રહી છે. ત્યારે કોર્પોરેશનની કામગીરીના લીધે કહેવાતા સ્માર્ટ સીટીમાં ઠેર ઠેર બિહામણા દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત જવાના માર્ગ પર કાઉન્સીલર જીતુ રાયકાની ગ્રાન્ટમાંથી મુકાયેલ બાંકડો ભુવો પડતાં તેનો એક ભાગ ભુવામાં ગરકાવ થઈ ગયો હતો. શહેરમાં વરસાદ પડવાથી ભુવા પડવાની ઘટનાઓ વધી રહી છે. સ્ટ્રોમ વોટર પાઈપલાઈન નાખ્યા પછી જે રીતે પુરાણની કામગીરી થવી જોઈએ તે ન થતાં આ વર્ષે પણ ભુવાનગરમાં પાટનગર તબદીલ થઈ રહ્યાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

...પોસ્ટ ઓફિસ પર રાખડી માટેના અલગ કાઉન્ટર

ગાંધીનગર, તા. ૨૫

કોરોનાની મહામારી ને લઈને દુનિયાના ઘણા દેશોમાં હજુ લોક ડાઉન અમલમાં છે જ્યારે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ હજુ કાર્યરત કરવામાં આવી નથી. ત્યારે રક્ષાબંધનમાં વિદેશમાં વસતા ભાઈઓને બહેન રાખડી મોકલી શકે તેના માટે પોસ્ટ વિભાગ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. ભારતીય પોસ્ટ દ્વારા ચોક્કસ દેશોમાં સ્પીડ પોસ્ટ દ્વારા લેટર તથા રાખડી મોકલી શકાય તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

પોસ્ટ કરવા માટે આવતી બહેનોને સરળતા રહે તેના માટે તમામ મોટી પોસ્ટ ઓફિસ ખાતે રાખડી માટેના અલાયદા કાઉન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. ભારતીય પોસ્ટ દ્વારા નિશ્ચિત કરેલા દેશોમાં રાખડી પહોંચાડી શકાશે જ્યારે અન્ય દેશોમાં રાખડી પહોંચાડી શકાશે નહીં.

પોસ્ટ ઓફિસમાં સિનિયર અધિકારીઓના જણાવ્યા મુજબ વર્તમાન સ્થિતિમાં લગભગ તમામ દેશોમાં આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ બંધ છે. જોકે કાર્ગો ની સેવા ચાલુ હોવાને કારણે સ્પીડ પોસ્ટ દ્વારા રાખડી મોકલવાનું શક્ય બની શકશે.

જેના માટે જરૂરી ફોર્માલિટી પૂરી કરવાની રહેશે. પોસ્ટ ઓફિસના અધિકારીના જણાવ્યા મુજબ પત્ર કે પાર્સલ મોકલનાર એ પોતાના ફોટો આઈડેન્ટીટી કસ્ટમ ડેકલેરેશન સહિતની વિગતો રજૂ કરવાની રહેશે જો વિદેશમાં દવા મોકલવાની હોય તો તેના માટે ડોક્ટર નું પ્રિસ્ક્રીપ્શન પણ રજુ કરવું ફરજીયાત રહેશે. વર્તમાન સમયમાં કોરોનાની મહામારી ને લઈને જેટલા દેશો સાથે કાર્ગો કનેક્ટિવિટી છે કેટલા દેશોમાં પત્રો અને રાખડી તથા દવાઓ ના પેકેટ સરળતાથી મોકલી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

કયા કયા દેશોમાં સ્પીડ પોસ્ટથી લેટર તથા રાખડી મોકલી શકાશે : ઓસ્ટ્રેલિયા, ઓસ્ટ્રીયા, બાંગ્લાદેશ, બેલ્જિયમ, ભૂતાન, કેનેડા, ચીન, ડેનમાર્ક, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, હોંગકોંગ ,હંગેરી, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, જોર્ડન કોરિયા, મેક્સિકો, મ્યાનમાર, નેધરલેન્ડ, ન્યૂઝીલેન્ડ, નોર્વે, ફિલિપાઈન્સ, રશિયા, સિંગાપોર ,સાઉથ આફ્રિકા, સ્વિડન, સ્વિટ્ઝર્લેન્ડ ,થાઈલેન્ડ ,તુર્કી ,યુ કે, યુક્રેન, વિયેતનામ.

હાર્દિકનો પટેલ વડોદરામાં વિરોધ

વડોદરા, તા. ૨૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલ આજે વડોદરાની મુલાકાતે છે. હાર્દિક પટેલ હાલમાં આગામી પેટાચૂંટણીને કારણે વિવિધ જગ્યાએ જઈ કાર્યકરોને મળી રહ્યાં છે. તેઓએ આજે કાશી વિશ્વનાથ મહાદેવનાં મંદિરે ભગવાનનાં દર્શન કર્યા હતાં. એવામાં વડોદરાનાં સામાજિક કાર્યકર સંજય પંચાલે કાળો વાવટો ફરકાવીને વિરોધ કર્યો હતો. જો કે કોંગ્રેસનાં કાર્યકરોએ તેને માર મારી પોલીસને સોંપી દીધો હતો. જો કે નવાપુરા પોલીસે વિરોધ કરનાર યુવકની અટકાયત કરી છે.

જો કે તમને જણાવી દઈએ કે આ પહેલા હાર્દિક પટેલનાં વડોદરામાં આગમનથી કલમ ૧૪૪ ભંગ થવાની શક્યતા હોવાને લીધે સામાજીક કાર્યકર સંજય પંચાલે કલેક્ટર અને પોલીસ કમિશ્નરને આવેદનપત્ર પાઠવીને હાર્દિક પટેલને વડોદરામાં પ્રવેશવા નહીં દેવાની માંગ કરી હતી.

વડોદરાની નજીક આવેલ સાંકરદાનાં સામાજિક કાર્યકર સંજય પંચાલે જણાવ્યું હતું કે, ''હાર્દિક પટેલ પર રાજદ્રોહ જેવા ગુના દાખલ થયેલ છે. કોંગ્રેસ સાથે મળી ૨૦૧૫માં પાટીદાર અનામત આંદોલન કરીને ૧૪ પાટીદાર દિકરાઓનો ભોગ લીધો અને જેનાં લીધે ગુજરાતની શાંતિ ડહોળાઈ હતી. જો હાર્દિક પટેલ વડોદરાની મુલાકાત લેશે તો કલમ ૧૪૪નો ભંગ થવાની પૂરેપૂરી શક્યતા છે અને જો હાર્દિક પટેલને પ્રવેશ આપવામાં આવશે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી પણ ચીમકી સંજય પંચાલે ઉચ્ચારી હતી.'' ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલ આજે વડોદરાની મુલાકાતે આવ્યાં હતાં. બપોરનાં ૧૨.૦૦ વાગ્યે હાર્દિકે કાશી વિશ્વનાથ મહાદેવની પૂજા-અર્ચના કરી હતી.

ઉલ્લેખનીય છે કે, પ્રદેશ કોંગ્રેસનાં કાર્યકારી અધ્યક્ષ બન્યાં બાદ હાર્દિક પટેલ હવે કોંગ્રેસને ફરી ઊભી કરવા માટે યોજના ઘડી રહેલ છે. ત્યારે હાર્દિક પટેલની સંજયનગરનાં રહેવાસી સાથેની મુલાકાત શહેર ભાજપ માટે કોઈ મુશ્કેલી પેદા કરી શકે છે કે કેમ તે હવે જો વાનું રહ્યું.

વરસાદી વાતાવરણમાં ગાંધીનગરમાં નીકળવું હવે તકલીફમાં મુકી શકે છે. વરસાદી પાણીના નિકાલ માટે નાંખવામાં આવેલી પાઈપલાઈનની કામગીરી એટલી નબળી છે કે ગમે ત્યારે ભૂવા પડી શકે છે અને તેમાં ગાડી ફસાઈ શકે છે. ભૂવા કે ખાડાને પૂરવામાં આવે છે પરંતુ વરસાદ પડતાં જ ફરી નવા ભૂવા પડી જાય છે. જ્યારે બીજી તસવીરમાં ગ-રોડને પહોળો કરવાની કામગીરી હાલમાં ચાલી રહી છે. પરંતુ આ કામમાં વરસાદ વારંવાર વિલન બની રહ્યો છે. માર્ગની આસપાસ વરસાદી પાણી ભરાઈ ગયા છે જેના કારણે કામ રોકાઈ ગયું છે.

૩૪ દિવસ બાદ ભરતસિંહ સોલંકીની તબિયત સુધારા પર

૩૦% ઓક્સિજન બહારથી અપાય છે : રિપોર્ટ નેગેટિવ થયા બાદ ફેફસાની સારવાર ચાલી રહી છે

અમદાવાદ, તા. ૨૫

કોંગ્રેસના નેતા ભરતસિંહ સોલંકીની તબિયત સુધારા તરફ છે. ભરતસિંહ સોલંકીને હવે માત્ર ૩૦ ટકા ઓક્સિજન વેન્ટિલેટર પરથી અપાઈ રહ્યો છે. કોરોના રિપોર્ટ નેગેટિવ થયા બાદ ફેફસાની સારવાર ચાલી રહી છે. વેન્ટિલેટરના કલાકો ધીરે ધીરે ઘટાડવામાં આવી રહ્યા છે. ભરતસિંહ સોલંકીના અન્ય તમામ રિપોર્ટ સામાન્ય આવી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૩૪ દિવસથી ભરતસિંહ સોલંકી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

ભરતસિંહ સોલંકી ગત મહિને યોજાયેલ રાજ્યસભાની ચૂંટણીમાં ઉમેદવાર હતા. ઈલેક્શન પૂરું થયા બાદ તેઓની તબિયત ખરાબ થઈ હતી. જેથી તેઓના ટેસ્ટ કરાવવામાં આવ્યા હતા. ૨૧ જૂનના રોજ તેઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો

હતો. પહેલા તેઓને વડોદરાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. પરંતુ બાદમાં તેમની તબિયત વધુ કથળતા તેઓનો અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. હાલ સિમ્સમાં તેઓ સતત મોનિટરિંગ હેઠળ છે.

સિમ્સ હોસ્પિટલ દ્વારા સતત તેમના હેલ્થના અપડેટ આપવામાં આવ્યા હતા. તેઓને પ્લાઝમા થેરેપી પણ આપવામાં આવી હતી. પરંતુ તેના બાદ તેમનું ઓક્સિજન લેવલ ઘટવા લાગ્યું હતું. શ્વાસ લેવામાં તકલીફ થવાને કારણે તેઓને વેન્ટીલેટર પર શિફ્ટ કરવામાં આવ્યા હતા.

તેઓને અસ્થમાની પણ તકલીફ હોવાથી અને ફેફસામાં સંક્રમણને પગલે ઓક્સિજન લેવલ પણ વારંવાર ઘટી જતું હતું. જેથી તેઓને ઓક્સિજન આપવામાં આવી રહ્યું છે. પરંતુ તેઓની તબિયત એટલી નાજુક હતી કે, ૯૦ ટકા ઓક્સિજન વેન્ટીલેટર થકી અપાઈ રહ્યું હતું. બાદમાં ધીરે ધીરે તેમનું ઓક્સિજન આપવાનું પ્રમાણ ઘટાડાયું હતું.

હરિની દષ્ટિ...

- હરિન ભટ્ટ

મેડમ, તમે ત્રીસનાં કીલો લેખે સાતસોને પચીસ ગ્રામ કાચા બટાકા ખરીધા છે, તો તમારે સાતસોને પચીસ ગ્રામના એકવીસ રૂપિયા અને ચોર્યાસી પૈસા આપવાનાં થશે... મેડમ હુ કાઈ ટ્રેડિશનલ શાકવાળો નથી... કોરોનાને કારણે ઘરે બેઠેલો મેથ્સનો શિક્ષક છું...!!

રાજ્યની ખાનગી શાળાઓમાં ૧૬ લાખ કર્મચારી

ફીના સરકારી ઠરાવને ખાનગી શાળાઓએ કોર્ટમાં પડકાર્યો

સરકારે બંધ શાળાઓને ફી નહીં લેવા ઠરાવ કરી આદેશ આપતા ખાનગી શાળા સંચાલકો ભીંસમાં મુકાઈ ગયા

ગાંધીનગર, તા. ૨૫

ખાનગી શાળાની ફી મુદ્દેના સરકારના ઠરાવને ખાનગી શાળાઓએ હાઈકોર્ટમાં પડકાર્યો છે. ખાનગી શાળાઓ દ્વારા સરકારના ૧૬.૦૭.૨૦ના રોજના ઠરાવ સામે હાઈકોર્ટમાં અરજી કરી છે. ગુજરાત હાઈકોર્ટમાં અરજદારે રજૂઆત કરી કે, રાજ્ય સરકારને આ ઠરાવ બહાર પાડવાની સત્તા નથી. અરજદાર રાજ્યભરમાં ખાનગી શાળાઓમાં ૧૬ લાખ કર્મચારીઓ રોજગારી મેળવી રહ્યા છે. તેથી પીએમ આત્મનિર્ભર યોજના હેઠળ આ લોકો માટે સરકાર કોઈ પેકેજ આપે. ૧૦ એપ્રિલથી સરકાર સાથે ફીના મુદ્દા પર ખાનગી શાળાઓની ચર્ચા ચાલી રહી છે. ખાનગી શાળાઓએ સરકારને વચન આપ્યું હતુ કે, તેઓ ફી વધારશે. આ મામલે વધુ સુનાવણી આગામી સપ્તાહમાં હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ હાઈકોર્ટની ફટકાર બાદ ગુજરાત સરકારે ફી નહિ ભરવાની જાહેરાત કરી હતી. કોરોનાને પગલે શાળાઓ બંધ હોવા છતા સ્કૂલ સંચાલકો વાલીઓને ફી ભરવા સૂચનો કરી રહી હતી. જેના બાદ વાલીઓએ મોરચો માંડ્યો હતો. અનેક સ્કૂલોએ ઓનલાઈન શિક્ષણ બંધ કરી દીધું હતું. હાઈકોર્ટે આદેશ આપ્યો કે, જ્યાં સુધી શાળા નહીં ખુલે ત્યાં સુધી ફી વસૂલ કરી શકાશે નહીં. પરંતુ હાઈકોર્ટના આ નિર્ણય બાદ શાળા સંચાલકોએ પોતાની મનમાની શરૂ કરી દીધી છે. તેમણે ઓનલાઈન શિક્ષણ આપવાનું બંધ કરી દીધું છે. હવે ઓનલાઈન શિક્ષણ મામલે રાજ્યસરકારનાં શિક્ષણ વિભાગે મહત્વનો નિર્ણય કર્યો છે. ત્યારે શિક્ષણ વિભાગે જાહેરાત કરી હતી કે, ગુજરાતી માધ્યમની રીતે જ આયોજન કરીને સરકાર અંગ્રેજી માધ્યમમાં ભણાવશે.

રાજ્યમાં આગામી ત્રણ દિવસ ધોધમાર વરસાદની વકી

ગાંધીનગર,તા.૨૫

કોરોના મહામારી વચ્ચે રાજ્યમાં આગામી ત્રણ દિવસ વરસાદ મામલે હવામાન વિભાગે આગાહી આપી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ત્રણ દિવસ હળવાથી ભારે વરસાદ પડી શકે છે. ગુજરાતમાં દક્ષિણ પશ્ચિમના પવન ફૂંકાતા આગામી ત્રણ દિવસ સુધી વરસાદની આગાહી આપવામાં આવી છે. આગાહી પ્રમાણે સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, જૂનાગઢ અને દક્ષિણ ગુજરાતના વલસાડમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. માછીમારો માટે પણ અલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. બીજી બાજુ શુક્રવારથી જ રાજ્યમાં મેઘરાજાની પધરામણી થઈ ગઈ છે.

હજુ આજે આવતી કાલે અને પરમદિવસે ગુજરાતમાં તોફાની પવન સાથે વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી ૨૫થી ૨૭ જુલાઈ દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. અરબી સમુદ્રમાં અનુકૂળ પરિસ્થિતિ ઊભી થતાં ગુજરાતમાં વરસાદ આવી શકે છે.

હાલ રાજ્યના અમુક વિસ્તારોમાં વરસાદની ઘટ જોવા મળી રહી છે. ત્યારે હવે હવામાન વિભાગે રાજ્યના અલગ અલગ વિભાગમાં થન્ડરસ્ટોર્મની આગાહી આપી છે. આજથી રાજ્યમાં સારા વરસાદની શક્યતા છે. દક્ષિણ ગુજરાતઅને સૌરાષ્ટ્રમાં વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે આજે ભરૂચ, ડાંગ, નવસારી, વલસાડમાં વરસાદની આગાહી કરાઈ છે. તો અમરેલી, ગીર સોમનાથ, ભાવનગરમાં પણ આજે વરસાદની આગાહી કરી છે. આવતી કાલે પોરબંદર, દ્વારકા, જૂનાગઢમાં વરસાદની શક્યતા છે. ગીર સોમનાથ, દાદરા નગરહવેલીમાં પણ કાલે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૭ જુલાઈના જૂનાગઢ, અમરેલી, પોરબંદરમાં વરસાદ રહેશે. ૨૭ જુલાઈના દ્વારકા, વલસાડ, નવસારીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર, વડોદરામાં વરસાદી ઝાપટાની શક્યતા છે.

માણસામાં ૪ ઈંચ ખાબક્યો : છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૫ તાલુકામાં બે ઈંચથી વધારે વરસાદ

રાજ્યમાં હળવાથી ભારે વરસાદની આગાહી વચ્ચે ગત ૨૪ કલાકમાં રાજ્યના ૧૪૦ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં ૧૩ તાલુકામાં ૨ ઈંચથી વધુ અને ૨૬ તાલુકામાં ૧ ઈંચથી ૨ ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વરસાદ ગાંધીનગરના માણસા અને અમરેલીના સાવરકુંડલામાં ૪-૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે તાપીના સોનગઢ અને મહેસાણાના કડીમાં સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ ગાંધીનગરના માણસામાં ચાર ઈંચ પડ્યો છે. તો અરવલ્લીના સાવરકુંડલામાં પણ ચાર ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. તાપીના સોનગઢ અને મહેસાણાના કડીમાં પોણા ચાર ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. મહેસાણાના બહુચરાજી તાલુકાના અજબપુરામાં ગત રાત્રે વીજળી પડી હતી. નર્મદેશ્વર મહાદેવ મંદિર ઉપર વીજળી પડી હતી. વીજળી પડવાથી મંદિરને ભારે નુકસાન થયું હતું. તેમજ ઘુમ્મટના ભાગને પણ મોટું નુકસાન પહોંચ્યું છે.

મહેસાણાના કડીમાં મોડી રાત્રે અઢી ઈંચ વરસાદ વરસ્યો હતો. વરસાદના કારણે થોળ રોડ પર અંડરપાસમા પાણી ભરાયું હતું. પાણી ભરાયેલા અંડરપાસમાં ૨ આઈસાર ટ્રક ડૂબી ગઈ હતી. જોકે, ટ્રકમાં સવાર બે ડ્રાઈવરોને બચાવી લેવાયા હતા. બંને ડ્રાઈવરને સમયસર રેસ્ક્યૂ કરીને બહાર કાઢી લેવાયા હતા.

ખૂણેખાંચરેથી

- ગઈકાલે રાત્રે અને આજે સાંજે થયેલા વરસાદથી નગરના વાતાવરણમાં ગજબની ઠંડક પ્રસરી જવા પામી છે.
- શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવાથી મચ્છરોની ઉત્પત્તિ થવાનો ભય ઉભો થયો છે.
- રાજ્યના શિક્ષણ વિભાગના અગ્ર સચિવ અંજુ શર્મા પણ તેમના પી.એ.નો રિપોર્ટ પોઝીટીવ આવતાં હોમ ક્વોરોન્ટાઈન થયા છે.
- ગાંધીનગર શહેર એન.એસ.યુ.આઈ.ના પ્રમુખ-ઉપપ્રમુખની વરણી કરાઈ છે. પ્રમુખ તરીકે યશ પટેલ, ઉપ પ્રમુખ તરીકે જીગર ચૌધરી રાજવીરસિંહ વાઘેલાની નિમણુંક કરવામાં આવી છે.
- ગાંધીનગરમાં આજે રજાનો દિવસ હોવાથી લોકોએ ઘરમાં રહેવાનુ પસંદ કર્યુ હતુ. રાખી બજારમાં પણ હજુ જોઈએ તેવી ઘરાકી જામી નથી.

આજથી સોમનાથ મંદિરમાં પ્રવેશ પાસનો પ્રારંભ થયો

ભારતના બાર જ્યોર્તિલિંગ પ્રથમ ભગવાન શ્રી સોમનાથ મહાદેવ મંદિર ખાતે દર્શનાર્થે પવિત્ર શ્રાવણ માસમાં આવનાર ભાવિકોને કોરોના મહામારીની સાવચેતી અને ભીડ વગર દર્શન કરી શકે તે માટે મંદિરમાં દર્શન કરવા પ્રવેશ માટે દાખલ કરેલી પાસ પ્રથા આજથી અમલી બની. આ માટે મંદિર સામેના જૂના પથિકાશ્રમ મેદાનમાં ખાસ ૪ વિન્ડોની લોકો સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવી પાસ મેળવી શકે છે.

ટચૂકડી જાહેર ખબર
મકાન ભાડે જોઈએ છે
સરકારી અધિકારીને (નોર્થ/ઈસ્ટ ફેસીંગ) 3/4 BHK (ફર્નીશ્ડ / સેમી ફર્નીશ્ડ) બંગલો / ફ્લેટ / ટેનામેન્ટ જોઈએ છે.
મો. ૯૮૭૯૨ ૬૭૯૬૩ (દલાલ માફ)